ગાંધીનગર સમાચાર

કલોલના જામળામાં મધ્યાહન ભોજન યોજનામાં પુલાવમાંથી મૃત ઉંદર મળ્યો

# વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની ગુજકેટની પરીક્ષા ૧૦મીએ લેવાશે

## જિલ્લામાંથી અંદાજિત ૭ હજાર જેટલા વિદ્યાર્થીઓ ગુજકેટની કસોટી આપશે

ગાંધીનગર તા ૧૯

ગુજકેટની પરીક્ષા આગામી તા ૧૦ મેં ના રોજ યોજવામાં આવશે. શિક્ષણ બોર્ડ દ્વારા ગુજકેટની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવાયો છે. તા ૧૦ મેંના રોજ ત્રણ તબક્કામાં વિષય મુજબ ગુજકેટની પરીક્ષા લેવાશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં બોર્ડની પરીક્ષા યોજવામાં આવી હતી. જેમાં જિલ્લામાંથી ૩૦ હજારથી વધ વિદ્યાર્થીઓએ ધોરણ -૧૦ અને ૧૨ ની પરીક્ષા આપી હતી. જયારે પરીક્ષાના અંતે હાલ વિદ્યાર્થીઓ વેકેશનની મજા માંણી રહયા છે. પરીક્ષા પુર્ણ થયા બાદ હાલ પરિણામની તારીખ જાહેર થાય તેની પણ ઉત્સુકતાથી ઈન્તેજારી સેવાઈ રહી છે. બીજીતરફ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ગુજકેટની પરીક્ષાની તારીખ પણ જાહેર કરી દેવાઈ છે. બોર્ડના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર આગામી તા ૧૦ મેં ના રોજ ગુજકેટની પરીક્ષા લેવાશે. જેમાં સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન ભૌતિક વિજ્ઞાન તેમજ રસાયણ વિજ્ઞાન વિષયની પરીક્ષામાં વિદ્યાર્થીઓ બેસશે. ત્યારબાદ બપોરે ૧ થી ૨ જીવવિજ્ઞાન તેમજ ૩ થી ૪ ગણિત વિષયની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ અંદાજિત ૭ હજાર જેટલા વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષા આપશે. ગુજકેટની પરીક્ષાની તારીખ જાહેર થતા વિદ્યાર્થીઓ વેકેશનમાં બ્રેક લઈ જરૂરી તૈયારીમાં લાગી જશે. જયારે ગુજકેટની કસોટીને અનુલક્ષી જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા પણ જરૂરી તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. જયારે બોર્ડ કસોટીના અંતે હાલ વેકેશનનો માહોલ જામ્યો છે. ત્યારે ગુજકેટની પરીક્ષા જાહેર થતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં બોર્ડના પરિણામની તારીખ પણ જાહેર થાય તે અંગે ઉત્સુકતા જાગી છે.



બાવળનું દાતણ - ટુથપેસ્ટ અને ટુથબ્રશની જાહેરાતોની ભરમાર વચ્ચે પણ બાવળનું દાતણ હજુ અડીખમ છે... ભારતીય સમાજ જીવનમાં બાવળના દાતણનું સ્વાસ્થ્ય માટે મહત્વનું પ્રદાન રહ્યું છે... આયુર્વેદિક શાસ્ત્ર પણ બાવળના દાતણનું મહત્વ દર્શાવે છે... શહેરમાં શાકમાર્કેટની આસપાસ ગ્રામીણ વિસ્તારના યુવાનો દાતણ વેચવા ગૌરવપૂર્વક આવે છે...

# રાંધેજા, આદરજ મોટી, કોલવડા, જલુંદમાં એલઈડી લાઈટ્સ્નું અજવાળુ પથરાશે

## ચૂંટણી વર્ષની ઈફેક્ટ : ધારાસભ્યએ ૩૪ લાખ ફાળવ્યા : આયોજન મંડળે પણ પ્રાથમિક મંજૂરી આ કામોને આપી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર (ઉ) વિધાનસભા વિસ્તારના મોટા ગામો રાંધેજા, કોલવડા, આદરજ મોટી અને જલુંદની શેરીઓ હવે એલઈડી લાઈટ્સથી જળહળશે.

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય અશોક પટેલે આ ગામોમાં એલઈડી લાઈટ્સ માટે વર્ષ ૨૦૧૭-૧૮ના વર્ષની તેમની ગ્રાન્ટમાંથી રૂ. ૩૪ લાખની જંગી ફાળવણી કરી છે.

ધારાસભ્યએ તેમની ગ્રાન્ટમાંથી આ કામ જિલ્લા આયોજન મંડળને સૂચવી આપતાં આયોજન મંડળ દ્વારા પણ તેને પ્રાથમિક મંજૂરી આપી દેવામાં આવી છે.

માણસાના ધારાસભ્ય અમીતભાઈ ચૌધરીએ પણ તેમના વિસ્તારમાં ૨૦ લાખના માર્ગોસહિતના વિવિધ કામો સૂચવ્યા છે જેને પણ આયોજન મંડળ દ્વારા પ્રાથમિક મંજૂરી આપી દેવામાં આવી છે.

દહેગામના ધારાસભ્ય કામિનીબા રાઠોડે પણ બે લાખથી વધારેના કામો તેમના વિસ્તાર માટે સૂચવ્યા છે.

વિધાનસભાની ચૂંટણી આ વર્ષના અંતમાં આવી રહી હોવાથી ધારાસભ્યોએ તેમના વિસ્તારમાં કામોને ઝડપથી મંજૂરી મળે અને કામ હાથ ધરી શકાય તેમજ પૂર્ણ થઈ શકે તે માટેના પ્રયાસો શરૂ કરી દીધા છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પણ રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી એલઈડી લાઈટ્સના કામો કરવામાં આવે તેવો આગ્રહ સભ્યોને અશોક પટેલે કર્યો હતો જે ઉલ્લેખનીય છે.

# કલોલના જામળામાં મધ્યાહન ભોજન યોજનામાં પુલાવમાંથી મૃત ઉંદર મળ્યો

## અક્ષયપાત્રને કારણદર્શક નોટીસ પાઠવતા કલેક્ટર, ખોરાક ઔષધ નિયમન તંત્ર દ્વારા નમૂના પૃથક્કરણ માટે લેવાયા

ગાંધીનગર, તા. ૧૯

કલોલ તાલુકાના જામળા પ્રા. શાળામાં બાળકોને મધ્યાહન ભોજન યોજનામાં પીરસવા માટે લવાયેલા પુલાવમાંથી મૃત ઉંદર મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. જિલ્લા કલેક્ટરે આ મુદ્દે મધ્યાહન ભોજન યોજનામાં અન્ન આપતા અક્ષયપાત્રને નોટીસ આપી અને ખુલાસો માંગ્યો છે.

આજે સવારે નવ વાગ્યાની આસપાસ અક્ષયપાત્રની વાન શાળાએ આવી બાળકોને આપવાના અન્નનો પુરવઠો આપી ગઈ હતી. બાળકોને તે પીરસતાં પૂર્વે શાળાના આચાર્ય અને શિક્ષકોની ટીમ તે પુરવઠો ચકાસતી હોય છે. આજે આ માટે પુલાવ જે પાત્રમાં હતો તે ખોલતાં ઉંદરની પૂંછડી જેવુ દેખાતાં જ તાત્કાલિક પગાર કેન્દ્ર શાળા, મામલતદાર કલોલ, ટીડીઓ કલોલ તેમજ કેળવણી નીરીક્ષકને તેની જાણ કરાઈ હતી.

ઉચ્ચ સત્તાવાળાઓને જાણ થતાં જ તમામ અધિકારીઓ શાળાએ પહોંચ્યા હતા. સ્થળ પરનુ પંચનામુ કરી મામલતદારે ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ટીમને બોલાવી જથ્થામાંથી નમુનો લઈ તેની તપાસ માટે ટીમ સાથે રવાના કરેલ.

આ બાબતની કલેક્ટર તેમજ જિલ્લા મધ્યાહન ભોજન યોજનાના અધિકારીને જાણ થતાં તેઓ પણ સ્થળ પર દોડી ગયા હતા. જિલ્લા કલેક્ટરે અક્ષયપાત્ર જે જિલ્લામાં ત્રણ તાલુકામાં મધ્યાહન ભોજન યોજનાનુ સંચાલન કરે છે તેના સંચાલકોને કારણદર્શક નોટીસ આપી ખુલાસો માંગ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં પણ લાલબત્તીના ઉપયોગ પર પ્રતિબંધ અમલી બનાવવામાં આવશે

## લાલ લાઈટ ન વાપરવાના નિર્ણયને આવકાર અપાયો : નીતિન પટેલ

અમદાવાદ, તા. ૧૯

લાલ લાઈટવાળા વાહનોનો ઉપયોગ નહીં કરવાના કેન્દ્રિય કેબિનેટના નિર્ણયને ગુજરાત સરકારે આવકાર આપ્યો છે. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું છે કે વડાપ્રધાન અને મંત્રીઓની મોટરકાર ઉપર લાલ લાઈટનો ઉપયોગ નહીં કરવાના નિર્ણયને ગુજરાતમાં પણ અમલી બનાવવામાં આવશે.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને આજે મળેલ કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં વડાપ્રધાન અને મંત્રીઓની તથા ઉચ્ચ અધિકારીઓની મોટરકાર પર લાલ લાઈટ નહી વાપરવાનો નિર્ણય કરાયો છે તેને મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આવકાર્યો છે અને ગુજરાત સરકાર પણ તેનો સત્વરે અમલ કરશે. તેમ તેમણે ઉમેર્યુ છે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતું કે, લોકશાહીમાં આમ જનતા અને વડાપ્રધાન મંત્રીઓ એક સમાન છે. ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલ લોકશાહીને વધુ

● અનુસંધાન પાન-૭ પર

# પાટનગર યોજનાના રોજમદારો -વર્કચાર્જનો હજુ પગાર થયો નથી

## પગારની અનિયમિતતા અને સાતમા પગારપંચના લાભથી વંચિત કર્મચારીઓ આંદોલનની રાહે લડત આપશે

ગાંધીનગર તા ૧૯

પાટનગર યોજના વિભાગની વર્તુળ કચેરીમાં ફરજ બજાવતા રોજમદારો તેમજ વર્કચાર્જ કર્મચારીઓનો પગાર અટવાયો છે. નાણાંકીય વર્ષના અંતમાં ગ્રાન્ટની ફાળવણીમાં સામાન્ય ભુલ થતા વિભાગના ૧૫૦૦ જેટલા કર્મચારીઓને પગાર ચુકવાયો નથી. જેના લીધે આ રોજમદારો અને વર્કચાર્જ કર્મચારીઓ દયાજનક સ્થિતિમાં મુકાઈ ગયા છે. આ કર્મચારીઓને સાતમાં પગાર પંચના લાભો સાથે નિયમિત પગાર ચુકવવા પ્રબળ માંગ કરવામાં આવી છે. આ લાભો નહીં મળે તો કર્મચારીઓ આંદોલનની રાહે લડત આપશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

પાટનગર યોજના વિભાગના વર્કચાર્જ અને રોજમદાર કર્મચારીઓએ રજુઆતમાં જણાંવ્યા મુજબ તેમનો પગાર દર મહીને તા ૧૫ સુધીમાં જ હાથમાં આવે છે. જેના લીધે તેમને અનેક હાલાકી વેઠવી પડે છે. જયારે નાણાંકીય વર્ષના અંતે ગ્રાન્ટની ફાળવણીમાં ક્ષતિ રહેતા પાટનગર યોજના વર્તુળની વિવિધ કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓને હુજ સુધી પગાર મળ્યો નથી. આ મામલે તિજોરી અધિકારી પણ સંતોષકારક જવાબ આપતા નથી. સામાન્ય ભુલ સુધારી કર્મચારીઓને પગાર ચુકવવાની વ્યવસ્થા કરવાના બદલે આડોડાઈ કરવામાં આવે છે. આ સ્થિતિના લીધે ૧૫૦૦ જેટલા કર્મચારીઓને હજુ સુધી પગાર મળ્યો નથી. નાના કર્મચારીઓને આર્થિક ભીંસ વચ્ચે હપ્તા પણ કપાતા હોય છે.

● અનુસંધાન પાન-૭ પર

# આવતીકાલે વોર્ડ ૫ અને ૬નો સેવાસેતુ ટાઉનહોલ ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શુક્રવારે વોર્ડ નં. ૫ અને ૬ માટેનો સેવાસેતુ કાર્યક્રમ ટાઉનહોલ ખાતે યોજવામાં આવેલ છે.

આ સેવાસેતુ કાર્યક્રમમાં હાઉસીંગ સોસાયટીના ચેરમેન વાડીભાઈ પટેલ, પ્રભારી રાજ્ય મંત્રી ડૉ. નિર્લાબેન વાઘવાણી, પ્રભારી સચિવ સંજીવકુમાર, ગુડાના ચેરમેન આશિષ દવે, મેયર પ્રવિણ પટેલ, ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન મનુભાઈ પટેલ, પૂર્વ ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ, કાઉન્સીલરો તેમજ મનપાના ઉચ્ચ અધિકારીઓ હાજર રહેનાર છે.

સવારે નવ વાગ્યે આ સેવાસેતુ શરૂ થશે જે સાંજે પાંચ વાગ્યા સુધી ચાલશે. સરકારે બે વોર્ડ દીઠ સેવાસેતુ કાર્યક્રમ યોજવાની કરેલી તાકીદના પગલે આ બીજો સેવાસેતુ કાર્યક્રમ યોજવામાં આવી રહેલ છે.


બીજા તબક્કાના આ બીજા સેવાસેતુ કાર્યક્રમમાં ૧૦થી પણ વધુ વ્યક્તીગત સેવાઓને લગતી ફરિયાદો રજુ કરી શકાશે. આ માટે તંત્ર દ્વારા તૈયારીઓ પણ આરંભી દેવામાં આવી છે. આ સેવાસેતુ કાર્યક્રમમાં પ્રોપર્ટીટેક્ષ એડવાન્સ ભરવા માટેની વિશેષ સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૫ અને ૬ના તમામ નાગરીકોને આ સેવાસેતુ કાર્યક્રમમાં સહભાગી થવા અપીલ છે. તેમાં કોઈ પણ પ્રકારની ફી રાખવામાં આવેલ નથી. આ કાર્યક્રમ દરમ્યાન ડાયાબીટીસ કેમ્પ રાખવામાં આવેલ છે. જેમાં નિઃશુલ્ક તપાસ કરવામાં આવશે. તેમજ આયુર્વેદિક કેમ્પનું પણ આયોજન કરેલ છે.

આધારકાર્ડ કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ છે, કાર્યક્રમ સ્થળે નાગરિકોને આધારકાર્ડની સુવિધા ઉપલબ્ધ થશે.

બેંકો દ્વારા ઈ-પેમેન્ટ, ડીઝીટલ લોકર, જનધન ખાતા ખોલવા અંગેની વિસ્તૃત જાણકારી આપવામાં આવનાર છે જેની તમામ નાગરિકો અને વેપારીવર્ગને લાભ લેવા અપીલ છે.







ભાડે જોઈએ છે
SHOP/SHOW ROOM
Long term leaseથી
MNC / Bankને
500-2000 Ft. Carpet
Reliance Cross Road,
Infocity, Sector-6
The Space 9328701440 9328801440

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com